પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૯૩ | ૩ જાન્યુઆરી, ૨૦૧૯, ગુરૂવાર; માગશર વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ન્યુઝ ટ્રેક

બેંકોના વિલયને મંજૂરી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી કેન્દ્રિય કેબિનેટની બેઠકમાં ત્રણ પ્રમુખ સરકારી બેંકો બેંક ઓફ બરોડા, વિજયા બેંક અને દેનાબેંકના વિલયને મંજૂરી આપી છે. ત્રણ બેંકોના વિલય બાદ નવી બેંક બનશે જે દેશની ત્રીજી સૌથી મોટી બેંક હશે.

મોસમી ચેટર્જી ભાજપમાં જોડાયા

બોલીવુડ એક્ટ્રેસ મૌસમી ચેટર્જી લોકસભાની ચૂંટણી પહેલા ભાજપમાં જોડાયા છે. અગાઉ ૨૦૦૪માં તેઓ કોંગ્રેસની ટીકીટ પરથી ચૂંટણી લડ્યા હતા પરંતુ તેઓ જીતી શક્યા ન હતા.

આમ આદમી પાર્ટી ત્રણ રાજ્યોમાં ચૂંટણી લડશે

આમ આદમી પાર્ટીએ લોકસભા ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આગામી ૧૫ ફેબ્રુઆરી સુધી દિલ્હી, પંજાબ અને હરિયાણાના તમામ ઉમેદવારોના નામની ઘોષણા કરી દેવામાં આવશે.

સચિનના કોચનુ નિધન

ટીમ ઈન્ડિયાના પૂર્વ મહાન ખેલાડી સચિન તેંડુલકરના કોચ રહી ચૂકેલા રમાકાંત આચરેકરનુ અવસાન થયુ છે. તેઓ ૮૭ વર્ષના હતા. રમાકાંત આચરેકરે સચિન તેંડુલકર ઉપરાંત વિનોદ કાંબલી, અજીત અગરકર, પ્રવિણ આમરે જેવા ક્રિકેટરોને પણ કોચીંગ આપ્યું હતું.

૬ જાન્યુઆરીએ વર્ષનું પ્રથમ સૂર્યગ્રહણ

નવા વર્ષનું પ્રથમ સૂર્યગ્રહણ ૬ જાન્યુારીએ થશે. જો કે ભારતમાં દેખાશે નહી.

રાફેલ મુદ્દે ચર્ચા માટે પડકાર

રાફેલના વિવાદાસ્પદ મુદ્દા પર પ્રધાનમંત્રી મોદીને ૨૦ મિનિટ ચેનલ પર ખુલ્લી ચર્ચા માટે રાહુલ ગાંધીનો પડકાર
અનિલ અંબાણીને કોન્ટ્રાક્ટ અપાવીને ૩૦૦૦૦ કરોડ રૂપિયાની ચોરી કરવામાં આવી : ચોકીદાર ચોર : રાહુલ

નવી દિલ્હી, તા. ૨

રાફેલ ડિલને લઈને સંસદમાં સરકાર ઉપર પ્રહાર કરવાની સાથે સાથે સંસદની બહાર પણ રાહુલ ગાંધીએ આજે સરકાર ઉપર પ્રહાર કર્યા હતા. પત્રકાર પરિષદ યોજીને રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદી ઉપર પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, ફ્રાંસના પ્રમુખ સાથે તેઓએ વાતચીત કરીને અનિલ અંબાણીને કોન્ટ્રાક્ટ અપાવ્યો હતો અને ૩૦૦૦૦ કરોડ રૂપિયાની ચોરી કરવામાં આવી હતી. એટલું જ નહીં રાહુલે મોદીને રાફેલ ડિલના દરેક મુદ્દા ઉપર ચર્ચા કરવા પડકાર ફેંક્યો હતો. રાહુલે આક્રમક વલણ અપનાવતા કહ્યું હતું કે, આ ડિલના તથ્યો દર્શાવે છે કે, ચોકીદાર ચોર છે. રાહુલે કહ્યું હતું કે, ગોવા સરકારમાં આરોગ્યમંત્રી વિશ્વજીત રાણેના વિડિયો ટેપ છે જેમાં સાફ શબ્દોમાં કહી રહ્યા છે કે, પારીકર કહી ચુક્યા છે કે, તેમની પાસે રાફેલની ફાઈલો છે. તેમને કોઈ ડિસ્ટર્બ કરી શકે તેમ નથી. આના મારફતે પારીકર દેશના વડાપ્રધાનને બ્લેકમેઈલિંગ કરી રહ્યા છે. કારણ કે, તેમની પાસે તેમની પૂર્ણ માહિતી છે. મંત્રી કહે છે કે, પારીકરે કેબિનેટ મિટિંગમાં કહ્યું હતું કે, તેમની પાસે રાફેલની ફાઈલો રહેલી

● અનુસંધાન પાન-૭ પર

શાસક પક્ષના નેતાઓ રાફેલ મુદ્દે ભયભીત : રાહુલ ગાંધી

સંસદમાં ટેપ ચલાવવાની રાહુલની માંગથી હોબાળો : હવાઈ દળને ૧૨૬ વિમાનની જરૂર હતી તો તેમની માંગ ઘટાડી ૩૬ કેમ કરી દેવાઈ હતી : રાહુલનો સીધો સવાલ

નવીદિલ્હી,તા. ૨

રાફેલ ડિલ ઉપર આજે સંસદમાં ભારે હોબાળો થયો હતો. આક્ષેપબાજીનો દોર ચાલ્યો હતો. આક્ષેપબાજીમાં કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ મોરચો સંભાળ્યો હતો. રાહુલે સીધીરીતે વડાપ્રધાન મોદી ઉપર આક્ષેપો કર્યા હતા. પોતાના સંબોધનની શરૂઆતમાં રાહુલ ગાંધીએ કહ્યુ હતું કે, તેઓ વડાપ્રધાનના ઈન્ટરવ્યુના એક

● અનુસંધાન પાન-૭ પર

રાફેલ ડિલ યુપીએ કરતા ખુબ સસ્તી : અરૂણ જેટલી

રાફેલને લઇને લોકસભામાં જોરદાર ઘમસાણની સ્થિતિ : રાહુલ ગાંધીને યુદ્ધ વિમાનો અને ઓફસેટની સામાન્ય માહિતી પણ ન હોવાનો જેટલીએ દાવો કર્યો : દેશની સુરક્ષા સાથે કોંગ્રેસે હંમેશા રમત રમી : જેટલી



નવીદિલ્હી, તા. ૨

ભારે વિવાદાસ્પદ અને ચર્ચાસ્પદ રાફેલ ડિલને લઈને આજે ફરી એકવાર સંસદમાં ભારે હોબાળો થયો હતો. આક્ષેપ પ્રતિઆક્ષેપોનો દોર ચાલ્યો હતો. એકબાજુ ભારે ધાંધલ ધમાલ અને નારાબાજી વચ્ચે વિપક્ષી સાંસદોએ કાગળ ઉડાવ્યા હતા. લોકસભામાં નિવેદન કરતા સાફ શબ્દોમાં કહ્યું હતું કે, કોંગ્રેસ તરફથી કરવામાં આવેલા આક્ષેપો આધાર વગરના છે. કોંગ્રેસ તરફથી રજૂ કરવામાં આવેલી રાફેલ સંદર્ભમાં ટેપ પણ બોગસ છે. તેમણે કહ્યું હતું કે, રાહુલ ગાંધીની યુદ્ધ વિમાન અને ઓફસેટની સામાન્ય માહિતી પણ નથી. જેટલીએ દાવો કરતા કહ્યું હતું કે, રાફેલ ડિલ યુપીએના ગાળા કરતા પણ સસ્તી ડિલ થઈ છે. તેમણે દાવો કર્યો હતો કે, બેઝિક રાફેલ વિમાનની કિંમત યુપીએના સમયથી ૯ ટકા સસ્તી છે. પૂર્ણરીતે હથિયારોથી સજ્જ રાફેલની કિંમત

● અનુસંધાન પાન-૭ પર

મંદિર માટે હવે વધુ રાહ જોવા તૈયાર નથી : વીએચપી

અચોક્કસ મુદ્દત સુધી રાહ જોવા તૈયાર નથી : વિશ્વ હિન્દુ પરિષદની મોદીના નિવેદન બાદ પ્રતિક્રિયા

નવી દિલ્હી, તા. ૨

રામ મંદિર ઉપર કાયદાકીય પ્રક્રિયા બાદ સરકાર તરફથી વટહુકમ લાવવાને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવેદન બાદથી ઘણા હિન્દુ સંગઠનોમાં નારાજગી દેખાઈ રહી છે. વિહિપના આંતરરાષ્ટ્રીય કારોબારી અધ્યક્ષ આલોકકુમારે કહ્યું છે કે, મંદિર નિર્માણ માટે અચોક્કસ મુદ્દત સુધી કોર્ટમાં

ચુકાદાને ઈન્તજાર કરી શકાય નહીં. તેમણે કહ્યું છે કે, મોદીના નિવેદનથી તેઓ સહમત નથી. હિન્દુ સમાજ મંદિર નિર્માણ માટે અચોક્કસ મુદ્દત સુધી રાહ જોવા માટે ઈચ્છુક નથી. આ પહેલા મંગળવારના દિવસે જ સંઘે પણ પીએમના નિવેદન ઉપર પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, તેમની અવધિમાં જ મંદિર નિર્માણની પ્રક્રિયા હાથ ધરવામાં આવે તે જરૂરી છે. મંગળવારના દિવસે એક સમાચાર ચેનલને આપેલી મુલાકાતમાં મોદીએ કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટમાં રામ મંદિર મામલાની સુનાવણી પૂર્ણ થઈ ગયા બાદ જ વટહુકમ લાવવાને લઈને વિચારણા કરવામાં આવશે. વિહિપના વડા આલોકકુમારે કહ્યું છે કે, હિન્દુ સમાજ કોર્ટના ચુકાદાનો અનંતકાળ સુધી ઈંતજાર કરવા માટે તૈયાર નથી. રામ મંદિરને લઈને ચોથી જાન્યુઆરીના દિવસે સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. સુપ્રીમ કોર્ટમાં મંદિર મુદ્દા પર દરરોજ સુનાવણીની માંગ કરીને અરજી દાખલ કરવામાં આવી છે. મોદીએ મંદિરને લઈને વટહુકમના પ્રશ્ન પર કહ્યું હતું કે, કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ થઈ ગયા બાદ જ સરકાર આગળ વધશે. અનેક પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સરકાર તરીકે અમારી જે પણ જવાબદારી છે તે જવાબદારી પૂર્ણ કરવા પ્રયાસ કરાશે. અમે તમામ પ્રયાસ કરવા તૈયાર છે. ત્રિપલ તલાકના મુદ્દા ઉપર પણ મોદીએ કહ્યું હતું કે, અયોધ્યામાં રામ મંદિર મુદ્દા ઉપર ત્રિપલ તલાકની જેમ વટહુકમ લાવવાની બાબત યોગ્ય દેખાતી નથી. બંને મામલામાં ખુબ અંતરની સ્થિતિ છે. સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ આગળ વધાશે.

કરેળમાં બે મહિલાના દર્શન બાદ ફરીથી હિંસક દેખાવો

કેરળમાં અનેક જગ્યાઓએ હિંસા ભડકી ઉઠી : ભાજપના નેતૃત્વમાં ઘણા હિન્દુ સંગઠનો દ્વારા આજે બંધની હાકલ કરાઈ : અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા

થિરુવંતનપુરમ, તા. ૨

કેરળના સબરીમાલા સ્થિત ભગવાન અયપ્પાના મંદિરના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા છે. મોડેથી મંદિરના કપાટ ફરી ખોલવામાં આવ્યા હતા. બે મહિલાઓએ દાવો કર્યો હતો કે, આજે સવારે મંદિરમાં પ્રવેશ કરીને ભગવાનના દર્શન કર્યા હતા. આ પ્રકારના દાવા બાદ શુદ્ધિ માટે મંદિરના દ્વાર બંધ કરી દેવામાં આવ્યા હતા. મહિલાઓના દાવા બાદ સબરીમાલામાં ફરી એકવાર વિસ્ફોટક સ્થિતિ ઉભી થઈ ગઈ છે. જોરદાર વિરોધ પ્રદર્શનની શરૂઆત થઈ ચુકી છે. ભાજપના નેતૃત્વમાં હિન્દુ સંગઠનો દ્વારા આવતીકાલે ગુરુવારના દિવસે સવારથી સાંજ સુધીના બંધની હાંકલ કરી છે. આજે સબરીમાલા કર્મા સમિતિએ અનેક જગ્યાઓએ નાકાબંધી કરી હતી અને તોડફોડ કરી હતી. ઈર્નાકુલમમાં હિંસા ભડકી ઉઠી હતી. ભાજપના કાર્યકરો દ્વારા ઈર્નાકલમમાં દેખાવો કરવામાં આવ્યા હતા. આ ગાળા દરમિયાન હિંસા ભડકી ઉઠી હતી. કાર્યકરોએ કેએસઆરટીસીની બસ ઉપર જોરદાર પથ્થરમારો કર્યો હતો જેના કારણે ડ્રાઈવરને ઈજા થઈ હતી. ઈર્નાકુલમમાં પોલીસે બે લોકોને પકડી પાડ્યા હતા. પોલીસે કહ્યું છે કે, વધુ કેટલાક લોકોની ધરપકડ કરવામાં આવનાર છે. દેખાવકૂચ અને ધરણા પ્રદર્શનનો દોર યથાવતરીતે જારી રહ્યો હતો.

ધી ગાંધીનગર અર્બન કો-ઓપરેટીવ બેંક લિ.
સેક્ટર-૨૧, ગાંધીનગર
૨૦માં વર્ષમાં મંગલ પ્રવેશ
તા.૨-૧-૨૦૧૯ના રોજ બેંક ૧૯ વર્ષ પુર્ણ કરી ૨૦ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે.
સ્થાપના કાળથી આજ સુધી સભાસદો, થાપણદારો, ખાતેદારો, વેપારીઓ તથા શુભેચ્છકો તરફથી સ્નેહભર્યો સહકાર મળેલ છે. બેંક સર્વેનો આભાર વ્યક્ત કરે છે. આવો જ સહકાર ભવિષ્યમાં પણ મળી રહે તેવી અપેક્ષા સાથે વર્ષ ૨૦૧૯ સૌને ફળદાયી નિવડે તેવી શુભેચ્છા પાઠવીએ છીએ.
કાલીદાસ વી. પટેલ – ચેરમેન
પ્રહલાદભાઈ એસ. પટેલ – મેનેજીંગ ડિરેક્ટર
દિનેશભાઈ આઈ. પટેલ – જનરલ મેનેજર
પ્રકાશભાઈ આર. પટેલ – વાઈસ ચેરમેન
-: ડિરેક્ટર્સ :-
ડાહ્યાભાઈ ટી. પટેલ
પરસોત્તમભાઈ એમ. પટેલ
બિપીનભાઈ વી. પટેલ
ચંદુભાઈ એચ. પટેલ
અશોકકુમાર સી. પટેલ
નટવરલાલ આર. પટેલ
પ્રહલાદભાઈ આઈ. પટેલ
ઈન્દીરાબેન આર. પટેલ
ભાવનાબેન બી. પટેલ
ગિરીશચંદ્ર ટી. ઝાટકીયા
ગોરધનભાઈ જે. રાઘવાણી
(સમસ્ત કર્મચારી ગણ)
નોંધ : જે સભાસદો, ખાતેદાર ભાઈ બહેનોનાં રહેણાંક અથવા ધંધાના સરનામાં અને મોબાઈલ નંબર બદલાયેલ હોય તો બેંકની નજીકની શાખામાં નવા સરનામાં પુરાવા આપી બદલાવી જવા વિનંતી
ફિક્સ ડિપોઝીટના નવા વ્યાજના દર ૧ વર્ષ થી ૨ વર્ષ સુધી ૭.૫૦%, ૨ વર્ષ થી ૬ વર્ષ સુધી ૭.૦૦% (આ દરમાં સિનિયર સીટીજનને ૦.૫૦% વધુ વ્યાજ મળશે)

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

શિવાલય ફાર્મ & પાર્ટી પ્લોટ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ ડે પાર્ટી, ગેટ ટુ ગેધર તથા શુભ પ્રસંગ માટે
તમામ પ્રકારના પ્રસંગો માટે વિશાળ ૧,૨૫,૦૦૦ સ્કવેરફુટનો મેકશીફ્ટ લોન એરીયા
સિધ્ધી વિનાયક ફાર્મ & પાર્ટી પ્લોટ
૧૫૦૦ મહેમાનોની ક્ષમતા વાળો પાર્ટીપ્લોટ, ૫૦૦૦૦ સ્કવેરફુટ લોન એરીયા
શિવમ્ કેટરર્સ એન્ડ રાજેશ્વરી ગ્રુપ & ઈવેન્ટ્સ
૧૦૦૦ થી ૮૦૦૦ મહેમાનોની ક્ષમતા વાળો વિશાળ પાર્ટી પ્લોટ
ડિઝાઈન થીમ ડેકોરેટીવ એન્ટ્રી વિથ ફ્લાવર
વર-કન્યા પક્ષ માટે એ.સી. રૂમોની સગવડ
૮૦૦ થી વધારે કાર માટે પાર્કીંગ વ્યવસ્થા
ગાંધીનગર શહેરથી તદ્દન નજીક
અદ્યતન કિચન વ્યવસ્થા
બુકિંગ ચાલુ છે
આ બધી સુવિધા અમારા પાર્ટી પ્લોટના પેકેજમાં મળશે.
ક-૭, રાંધેજા રોડ, વસંત વગડાની સામે, ગાંધીનગર.
www.shivalayfarm&partyplot.com | shivalayfarm&partyplot@gmail.com
વાઘેલા ઘનશ્યામસિંહ એમ. 98250 22173 | વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. 98256 04575 | ચાવડા અનિરુધ્ધસિંહ 98981 85149
ક-૭, વસંતવગડોની સામે, ગાંધીનગર-રાંધેજા રોડ, ગાંધીનગર

BHARAT DEKO PRESENTS COX & KINGS
અતુલનીય રજાઓથી ભરપૂર આ વર્ષ તમારી રાહ જોઈ રહ્યું છે.
ભારત દેખો સાથે હોલીડે બુક કરો અને ભારતનાં અદભુત સ્થળોમાં નવા વર્ષને વધાવો.
મેજિકલ કાશ્મીર – 06 દિવસ/05 રાત – એકસ – શ્રીનગર – બોક્સ કિંમત ₹16,999* પ્રતિ વ્યક્તિ – ઓફર કિંમત ₹12,999* પ્રતિ વ્યક્તિ
કાશ્મીર કિચન ટુર – 07 દિવસ/06 રાત – એકસ – શ્રીનગર – બોક્સ કિંમત ₹27,999* પ્રતિ વ્યક્તિ – ઓફર કિંમત ₹23,999* પ્રતિ વ્યક્તિ
હિમાચલ કિચન ટુર – 08 દિવસ/07 રાત – એકસ – દિલ્હી – બોક્સ કિંમત ₹30,999* પ્રતિ વ્યક્તિ – ઓફર કિંમત ₹26,999* પ્રતિ વ્યક્તિ
કેરળ કિચન ટુર – 08 દિવસ/07 રાત – એકસ – કોચી/ ત્રિવેન્દ્રમ – બોક્સ કિંમત ₹33,999* પ્રતિ વ્યક્તિ – ઓફર કિંમત ₹29,999* પ્રતિ વ્યક્તિ
આંદામાન ડિલાઈટ વિથ એર – 06 દિવસ/05 રાત – એકસ – અમદાવાદ – બોક્સ કિંમત ₹52,260* પ્રતિ વ્યક્તિ – ઓફર કિંમત ₹50,260* પ્રતિ વ્યક્તિ – ફેમ 4 કિંમત ₹48,260* પ્રતિ વ્યક્તિ
નોર્થઈસ્ટ કિચન ટુર – 12 દિવસ/11 રાત – એકસ – ગૌહાટી – બોક્સ કિંમત ₹53,999* પ્રતિ વ્યક્તિ – ઓફર કિંમત ₹49,999* પ્રતિ વ્યક્તિ
*શરતો લાગુ
Call: 1800 209 0400 | SMS: BD to 5757567 | Web: www.coxandkings.com
CONTACT US:
Atik Shaikh: 9924177944 | Manank Panchal: 7203846107